દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬

# ઓપરેશન સિંદૂરમાં ધ્વસ્ત મરકઝ સુભાનઅલ્લાહ ફરી તૈયાર કરનારાને ઠેકાણે પાડવા પડશે

સૂત્રોના હવાલાથી પાકિસ્તાન સરકારે ઓપરેશન સિંદૂર પછી જૈશ-એ-મોહમ્મદને હપ્તાઓમાં અંદાજે 25 કરોડ રૂપિયાની આર્થિક મદદ આપી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તેમાંમાંથી અંદાજે 11 કરોડ રૂપિયા સેન્ટ્રલ હોલના સમારકામમાં ખર્ચાયા હોવાનું કહેવાય છે. જૈશ-એ-મોહમ્મદનું સંગઠન અને તેનું નાણાં એકત્ર કરવાની નેટવર્ક – ઓગસ્ટ 2025માં જૈશે પોતાના નુકસાનગ્રસ્ત હેડક્વાર્ટરને ફરી ઊભું કરવા માટે દાન અને ફંડ એકત્ર કરવાની ઝુંબેશ શરૂ કરી હોવાનું અહેવાલોમાં સામે આવ્યું હતું.

મસૂદ અઝહરના ભાઈઓ દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. તાજેતરના અહેવાલ મુજબ હેડક્વાર્ટરના સંચાલન અને પુનઃસ્થાપન સંબંધિત કામગીરીમાં મસૂદ અઝહરના નાના ભાઈઓ તલ્હા અલ-સૈફ અને મોહિનુદ્દીન ઔરંગઝેબ ઉર્ફે અમ્માર અલવીની ભૂમિકા હોવાનું જણાવાયું છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના બહાવલપુર વિસ્તારમાં આવેલું જૈશ-એ-મોહમ્મદ (JeM)નું મુખ્ય મથક તરીકે ઓળખાય છે. ભારતના સત્તાવાર દસ્તાવેજોમાં તેને જૈશ-એ-મોહમ્મદના હેડક્વાર્ટર તરીકે દર્શાવવામાં આવ્યું છે. આ સ્થળનો ઉપયોગ ભરતી, કટ્ટરપંથીકરણ અને આતંકવાદીઓની તાલીમ માટે થતો હતો. 7 મે 2025ના ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતે આ સ્થળને નિશાન બનાવ્યું હતું. 2026ની સેટેલાઇટ તસવીરો અને તાજેતરના અહેવાલોમાં અહીં પુનર્નિર્માણ અને સમારકામ થયા હોવાનું જણાવાયું છે.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે વળતો જવાબ આપ્યો છે અને પાકિસ્તાનમાં તથા પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર (POK)માં આવેલા આંતકી કેમ્પ પર હુમલા કર્યા છે. ભારતે આ કાર્યવાહીને 'ઓપરેશન સિંદૂર' નામ આપ્યું છે. આ ઓપરેશનમાં આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહરના પરિવારના 10 સભ્યો અને ચાર સાથીઓના મોત થયા છે. ભારતે પાકિસ્તાનના બહાવલપુરમાં હુમલો કર્યો હતો જે જૈશ-એ-મોહમ્મદનું હેડક્વાર્ટર કહેવામાં આવે છે.

ભારતે મંગળવારે મોડી રાત્રે પાકિસ્તાન અને પીઓકેમાં જૈશ, લશ્કર-એ-તોઈબા અને હિઝબુલ મુજાહિદ્દીન સાથે સંકળાયેલા નવ આતંકી કેમ્પ પર હુમલા કર્યા હતા. જેમાં બહાવલપુરમાં શુભાન અલ્લાહ કોમ્પલેક્સ પર સ્ટ્રાઈક કરવામાં આવી હતી જેમાં મસૂદ અઝહરના પરિવારના સભ્યોના મોત થયા હતા. BBC ઉર્દૂના રિપોર્ટ પ્રમાણે આ હુમલામાં અઝહરની મોટી બહેન અને તેના પતિ, તેનો ભાણીયો અને તેની પત્ની, અન્ય એક ભત્રીજા તથા તેના પરિવારના પાંચ અન્ય બાળકો મોતને ભેટ્યા હતા. આ ઉપરાંત તેનો એક નજીકનો સાથી, તેની માતા અને અન્ય બે સાથીઓ પણ માર્યા ગયા હતા.

જૈશ-એ-મોહમ્મદની સ્થાપના અઝહર દ્વારા વર્ષ 2000માં કરવામાં આવી હતી અને ભારતમાં થયેલા કેટલાક ઘાતક આંતકી હુમલામાં અઝહરનો હાથ હતો. જેમાં 2001માં સંસદ, 2016માં પઠાણકોટ અને 2019માં પુલવામામાં થયેલા આતંકી હુમલાનો સમાવેશ થાય છે. અઝહરનો જન્મ બહાવલપુરમાં થયો છે અને હાલમાં તે અત્યંત ચુસ્ત સુરક્ષા વચ્ચે આ જ શહેરમાં રહે છે. ભારતે 1994માં મસૂદ અઝહરને એરેસ્ટ કર્યો હતો પરંતુ બાદમાં તેના સાથીઓ પ્લેન હાઈજેક કરીને તેને છોડાવવામાં સફળ રહ્યા હતા.

1999માં આતંકીઓ દ્વારા ઈન્ડિયન એરલાઈન્સ ફ્લાઈટ 814ને હાઈજેક કરવામાં આવી હતી અને તેના બદલમાં જે ત્રણ આંતકવાદીઓને છોડવા પડ્યા હતા તેમાં મસૂદ અઝહર પણ સામેલ હતો. આ ફ્લાઈટ નેપાળના કાઠમાંડુથી દિલ્હી આવી રહી હતી પરંતુ તેને હાઈજેક કરીને પહેલા અમૃતસર, લાહોર અને દુબઈ થઈને બાદમાં અફઘાનિસ્તાનના કંદહારમાં લઈ જવામાં આવ્યું હતું અને ત્યારે ત્યાં તાલિબાનનું શાસન હતું. પાંચ આતંકવાદીઓએ પ્લેન હાઈજેક કર્યું હતું અને એક પેસેન્જરની હત્યા પણ કરી હતી જે તેની પત્ની સાથે હનીમૂન માટે નેપાળ ગયો હતો.

***અહીં દર વખતે આપણે એકાદ શબ્દની વાત કરીશું. તે ગુજરાતી હોય, સંસ્કૃત કે ઉર્દુ ભાષાનો પણ હોય, ક્યારેક કોઈ અન્ય ભાષાનો એ શબ્દ જેની વાત કરવામાં મઝા પડે તેમ હોય તો તેની ય વાત કરીશું.***

## આજનો શબ્દ છે : **યુયુત્સુ.**

બહુ અવરો લાગે છે? અરે ભાઈ, યુયુત્સુ એટલે જે લડવાની ઈચ્છાવાળો છે. યુધ્ધપ્રિય છે. આ શબ્દ સંસ્કૃતનાં 'યુધ્'(લડવું) ધાતુનાં ઈચ્છાવાચક રૂપમાંથી બનેલું વિશેષણ છે.

યુયુત્સુ આમ તો મહાભારતનું અકે પાત્ર છે. જે હસ્તિનાપુરના રાજા ધૃતરાષ્ટ્રનો પુત્ર હતો અને ગાંધારીની એક વૈશ્ય દાસીનાં ગર્ભમાંથી જન્મ્યો હતો. પેલી જે દાસી હતી તેનું નામ સુઘડી. એટલે કહી શકો કે આ યુયુત્સુ ગાંધારીના સંતાનોનો પૈતૃક સાવકો ભાઈ હતા. ઘુતરાષ્ટ્રનો તે એકમાત્ર એ પુત્ર હતો જે કુરુક્ષેત્રનાં યુધ્ધમાં બચી ગયેલો. તે પાંડવોને માટે લડનારો એક નાગ કૌરવ હતો અને તેને મહાભારતનાં એક ઉજ્જવળ-તેજસ્વી પાત્ર તરીકે સહુ જાણે છે. મહાભારતનું યુધ્ધ શરૂ થવા પહેલાં યુધિષ્ઠરના આહ્વાન પર તેણે કૌરવોની ભાગ બનેલો. યુયુત્સુ વિશે ઘણું લખી શકાય પણ અત્યારે આટલું. યુયુત્સુવુતિ રાખનારા યોધ્ધા આજે ક્યારેક જ મળશે. કોણ છે? છે કોઈ?

## આઈન્સ્ટાઈન અને ટાગોરની મુલાકાત

ગઈ સદીમાં ઘણા મહાપુરુષો થઈ ગયા. જુદા જુદા ક્ષેત્રનાં મહાપુરુષો જુદા જુદા દેશનાં એ મહાપુરુષો વૈશ્વિક સ્તરની પ્રતિભા માટે જણીતા બનેલા. એ વખતે શક્ય હતું કે એ પ્રતિભાઓ એકબીજાને મળે-જો ચાહે તો. આ કારણે જ ગાંધી-ચાર્લી ચેપ્લિન, ગાંધી આઈન્સ્ટાઈન, ગાંધી-ટાગોરની મુલાકાત આજે પણ લોકોનાં મનમાં છે. આઈન્સ્ટાઈન પણ ટાગોર, ચેપ્લિન, મેડમ ક્યુટી વગેરે મળેલા. ટાગોરને તેઓ 14 જુલાઈ 1930માં મળેલા તો ચેપ્લિનને 1931માં લોસ એંજલસમાં મળેલા. આઈન્સ્ટાઈનનાં લગ્નજીવનમાં તો ઉથલપાથ રહી છે પણ ટાગોરને મળ્યા ત્યારે તો તેઓ પ્રથમ વખત દાદ બન્યા હતા. જર્મનીનાં ડેપિથમાં મુલાકાત યોજાયલી. ટાગોરે ત્યારે લાંબો ઝભ્ભો પહેર્યો હતા અને સફેદ દાઢી-લાળમાં શોભતા હતા. બંનેને નોબેલ પારિતોષિક મળી ચુક્યું હતુ. આઈન્સ્ટાઈને ટાગોરને 'કવિનું દિમાગ ધરાવતા વિચાકર'તરીકે ઓળખાવેતા. બંનેને કળા અને સંગીત વિશે વાતો કરેલી. પશ્ચિમ અને ભારતીય શાસ્ત્રીય સંગીત વચ્ચે રહેલા તફાવતની બંનેએ ચર્ચા કરેલી. ટાગોરે આ મુલાકાત પછી આઈન્સ્ટાઈન વિશે એવું કહેલું કે, 'તેમના ઓખ્યા વિનાના વાળ, તેમની આંખોની ચમક અને વિનમ્રતાએ મને પ્રભાવિત કર્યો. ભૂમિતિ અને ગતિતનાં સિધ્ધાંતો સાથે સંકળાયેલી આ વ્યક્તિનું માનવીય ચરિત્ર પ્રભાવક છે. આ માણસ માનવીય સંબંધોને મહત્તવ આપે છે. '

## વચન

સ્ત્રીઓને હંમેશા બીજી સ્ત્રીઓનો આધાર જોઈતો હોય છે, તેઓ એકબીજાની સખી બને છે, જેથી એકબીજાને નફરત કરી શકે. તેઓ જેટલી એકબીજાને નફરત કરશે, એટલા જ એકબીજામાં હળી-મળી જશે.

**હેર્ટા મ્યુલર**
**જર્મન નવલકથાકાર**

શિક્ષણનું મૂલ્ય... ઘણી બધી હકીકતો શીખવવામાં નથી, પરંતુ મનને એવી બાબતો માટે વિચાર કરતું કેળવવામાં છે, જે પાઠ્યપુસ્તકોમાંથી ભણી ન શકાય.

**આલ્બર્ટ આઈન્સ્ટાઈન**
**સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક**

કાળના પાડનાર ભગવાન, તારું મૂળ જજો ને માનવીની આ દશા કરી! --
'માનવીની ભવાઈ' માં પન્નાલાલ પટેલ
૧૯૮૫માં જ્ઞાનપીઠ પુરસ્કાર

તમારું એ કહેવું સાચું છે કે જિંદગીમાં ભવિષ્યની નહીં, ગણતરી તો ભૂતકાળની જ થવાની.

**પેટ્રિક મોડિઆનો**
**૨૦૧૪માં સાહિત્યનું નોબેલ**

જે લોકોએ જિંદગીમાં સાચો પ્રેમ મેળવ્યો નથી તે એવું કહેતા ફરશે કે સાચા પ્રેમ જેવું કાંઈ છે જ નહીં. તેમની આવી ધારણા જ તેમના જીવન અને મૃત્યુને સહેલું બનાવે છે.

**વિસ્લાવા સ્ઝિમ્બોસ્કા**
**૧૯૯૬માં સાહિત્યનું નોબેલ**

એ પુસ્તક કે જે તમે વાંચવા માંગો છો પણ હજુ લખાયું જ નથી તો જરૂરી છે કે તમે તે લખો જ.

**ટોની મોરીસન**
**૧૯૯૩માં સાહિત્યનું નોબેલ**

## હું પૂછું, તમે કહો

**૧) નર્મદે ૨૩ નવેમ્બર, ૧૮૫૮માં શિક્ષક તરીકે રાજીનામું મૂકી 'કલમને ખોળે' માથું મૂકવાનો નિર્ધાર કર્યો તે પછીનાં વર્ષોમાં 'ડાંડિયો' પત્ર શરૂ કરેલું. કહો, 'ડાંડિયો' પત્ર શરૂ થયાનું વર્ષ કયું છે?**
(ક) ૧૮૬૪ (ખ) ૧૮૭૨
(ગ) ૧૮૫૯ (ઘ) ૧૮૬૬

**૨) જેમાં કાનજી અને જીવીની પ્રણયકથા આલેખાયેલી છે તે 'મળેલા જીવ' નવલકથા પરથી હિન્દીમાં જે ફિલ્મ બનેલી તેનું નામ શું હતું?**
(ક) કંકુ (ખ) જિંદગી દો દિન કી
(ગ) મિલન (ઘ) ઉલઝન

**૩) મહાદેવ દેસાઈનું બૃહત્ ચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' કોણે આલેખ્યું છે?**
(ક) સ્વામી આનંદ (ખ) કિશોર મશરૂવાળા
(ગ) નારાયણ દેસાઈ (ઘ) મોરારજી દેસાઈ

**૪) અશ્વિની ભટ્ટની 'આખેર' નવલકથા કેટલા ભાગમાં લખાયેલી છે.**
(ક) ત્રણ (ખ) બે
(ગ) ચાર (ઘ) છ

**૫) જેમણે પોતાના વતન પાસેથી વહેતી નદીનાં નામ કોલક પરથી પોતાનું 'કોલક' ઉપનામ ધારણ કરી અનેક નવલકથાઓ લખેલી છે તેમનું નામ શું?**
(ક) કોલકભાઈ બલસારા (ખ) મગનભાઈ લાલભાઈ દેસાઈ
(ગ) બંકિમભાઈ નાયક (ઘ) ખંડુભાઈ દેસાઈ


**જવાબ**
૧-ક, ૨-ઘ, ૩-ગ, ૪-ક, ૫-ખ

# ન હોય તો વસાવી લો, 'શ્રેષ્ઠ નર્મદ'

નર્મદ એક એવી સાહિત્યિક પ્રતિભા છે કે જેની ઉપસ્થિતિ સતત રહેશે. નર્મદે ગદ્ય-પદ્યનાં સ્વરૂપો ખેડ્યાં ત્યારે તેના માટે નવી ભોંય હતી. તેણે નવાં ઓજારો શોધ્યાં ને ખેડ કરી. કવિતા લખવી હતી તો અક્ષરમેળ વૃત્તાંતનો અભ્યાસ કર્યો, 'પિંગળપ્રવેશ' રચ્યું, સંસ્કૃત વ્યાકરણ, કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ગદ્ય તેણે અનેક રીતે લખ્યું. નિબંધ ઉપરાંત 'ડાંડિયો' માં તો અનેક રીતે ને પછી 'મારી હકીકત' વડે આત્મકથાનું ગદ્ય પણ પલોટ્યું. પણ તે અજંપ હતો અને જુદાં જુદાં સ્વરૂપોમાં કામ કરવા તત્પર રહેતો. નાટકો પણ તૈયાર કર્યાં. ગુજરાત સર્વસંગ્રહ પણ તેણે તૈયાર કર્યો. રામાયણ, મહાભારત, ઈલિયડનાં સાર જૂદાં. એ જ રીતે 'નર્મકોશ' છે, 'રાજયરંગ' છે અને મહાપુરુષોનાં ચરિત્ર વગેરે પણ. તેમનાં આ બધાં કામ એવાં છે કે નર્મદ વિના ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિની વાત અધૂરી રહે. આ કારણે જ નર્મદ પર સમયાંતરે અભ્યાસ, અધ્યયન થતાં રહે છે. સંપાદન પણ થયાં છે. પરંતુ નર્મદનાં કુલ સાહિત્યિક કાર્યનું ઉત્તમ જેમણે પામવું છે તે રમણ સોની સંપાદિત 'શ્રેષ્ઠ નર્મદ' માંથી પસાર થતાં સંતર્પકતાનો અનુભવ કરશે. રમણ સોનીએ જ સંપાદનનાં પાછલાં પૃષ્ઠોમાં નર્મદનું મૂલ્યાંકન કરતો એક સઘન લેખ કર્યો છે. તેના અંતમાં લખે છે કે, 'એનું અજંપ ચિત્ત, ૫૩ વર્ષના એના આયુમાં ને એમાં લેખક તરીકેની તો એની ૩૦-૩૨ વર્ષની કારકિર્દીમાં, અનેક સાહિત્ય-રૂપોમાં ને વિદ્યાપ્રવૃત્તિમાં ફરી વળ્યું. જેટલો પ્રબળ આવેશ, તાકીદ ને ત્વરા હતાં એના લેખનમાં એટલાં જ અથાક શ્રમ, હાથ ધરેલા વિષયમાં ઊંડા ઊતરવાની જિજ્ઞાસા ને અપ્રતિમ ઊર્જા પણ હતાં. નર્મદનો એ વિલક્ષણ ને શક્તિમંત સારસ્વત યજ્ઞ એની પ્રતિભાનો એક હૃદ્ય આલોક રચી ગયો છે.'

નર્મદે ગદ્ય-પદ્યનાં રૂપોમાં તો ઘણું લખ્યું પણ તે ઉપરાંતનું લેખન પણ સંપાદકને હંફાવનારું બની શકે. વળી નર્મદ તો બીજી પણ ઘણી સજ્જતા માંગે. આજકાલ કરતાં વર્ષોથી એવાં સંપાદનો થતાં રહે છે જેમાં સંપાદકનું કર્તવ્ય પૂંઠા પર નામ છાપવા કરેલા શ્રમથી અધિક ભાગ્યે જ હોય. પાઠ્યપુસ્તક તરીકે ક્યાંક સમાવવા માટે સંપાદન થાય, પ્રકાશકની જરૂરિયાતે થાય ને સંપાદકના નામે એક વધુ પુસ્તક ચડી જાય. સુરેશ દલાલે તો એવાં અનેક સંપાદનો કરેલાં અને આજે પણ તેમની પંગત શોભાવે એવાં ઓછાં નથી. એ બધા વચ્ચે રમણ સોનીના લાંબા સમયનું નર્મદસાહિત્યનું વાચન-અધ્યયન આ સંપાદન માટે ઉપકારક બન્યાનું જણાશે.

કવિતા, નિબંધ, પત્રકારી ગદ્ય : 'ડાંડિયો',
આત્મકથા : 'મારી હકીકત', અન્ય સાહિત્ય કાર્યો જેવાં પાંચ ખંડ ઉપરાંત મૂલ્યાંકન લેખ અને પરિશિષ્ટ હેઠળ નર્મદનાં લખાણોની અનુપૂર્વી અને 'નર્મદ : જીવનરેખા'. દરેક ખંડનો આરંભ રમણ સોનીની ભૂમિકાથી થાય છે. કવિતા હોય, નિબંધ હોય, આત્મકથા હોય તો તે દરેક સ્વરૂપમાં નર્મદે કેવી રીતે કામ કર્યું છે તેની આગવી અભ્યાસ-નિરીક્ષા હોવાથી આ સંપાદનનું મૂલ્ય વધી જાય છે. એક અર્થમાં એમ કહી શકાય કે મહીપતરામના સંપાદનથી આરંભી વિવેચનની બદલાયેલી ધારા, દૃષ્ટિ, સિદ્ધાંત પછી નર્મદ રમણ સોની સુધીના વિવેચક, સંપાદક, સંશોધક સુધી આવી પહોંચે છે. નર્મદનાં સમગ્ર કાર્ય વિશે સર્વવ્યાપક લક્ષણો તો પ્રગટ જ છે પણ રમણ




**પુસ્તક :** શ્રેષ્ઠ નર્મદ **સંપાદક :** રમણ સોની
**પ્રકાશક :** ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળના નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧
**કિંમત :** રૂ. ૬૦૦/-



**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

સોનીએ દરેક ખંડની ભૂમિકામાં જે આગવા વિશેષો તારવ્યા છે તે સંપાદનનું મહત્ત્વ વધારે છે અને નર્મદનાં પુનર્વાચન તરફ, અભ્યાસ તરફ દોરવે છે.

નર્મદનું શ્રેષ્ઠ ઉપલબ્ધ થવું અહીં દૃષ્ટિભેદે રસિકોને ઉત્તેજશે તે તો ખરું પણ અહીં એવી પણ કસોટી હતી કે જે છે તે સામગ્રી વડે એક પ્રકારની સંપૂર્ણતાનો અનુભવ થાય. નિબંધ ખંડના આરંભે રમણભાઈ નોંધે છે, 'નિબંધલેખન તો નર્મદની સમગ્ર કારકિર્દીને વ્યાપી વળેલું એનું લેખનકાર્ય બલ્કે એનું જીવનકાર્ય હતું. સર્જક-સુધારક-વિચારક તરીકે તેણે જીવનપર્યંત જે કંઈ કર્યું એ બધું એના વ્યક્તિત્વના સઘન સ્પર્શ સાથે, એના નિબંધોમાં ઝીલાયું છે. ગુજરાતીનો એ પહેલો જ નહીં, ઘણો સજ્જ નિબંધકાર પણ હતો. પછી તો અત્યંત સઘનભાવે નિબંધકાર તરીકેના વિશેષો સંપડાવી આપે છે. લેખન માટેની ગુજરાતી ભાષા ઘડાયેલી નહોતી ત્યારે નર્મદે જે મથામણો કરી તે આદર જન્માવે તેવી છે.

પણ રમણભાઈ ઉદ્ગારભાષામાં વિવેચન કરે એવા નથી. આખી ભૂમિકા વંચાયા પછી આપોઆપ સમજાશે કે નર્મદનું નિબંધકાર્ય કેટલું તો મોટું હતું. એ 'મંડળી મળવાથી થતા લાભ', 'સ્વદેશાભિમાન' સહિત ૧૭ નિબંધોમાં 'ગુજરાતી ભાષા' 'વ્યાકરણ' ને નરસિંહ, અખો વિશેના નિબંધો તો છે પણ ધર્મવિચારનાં બે નિબંધ વળી અલગથી નાની નોંધ સાથે સમાવાયા છે. પત્રકારી ગદ્યને તેમણે અલગ ખંડમાં મૂક્યું છે તેમાં 'ડાંડિયો'ના ૧૫ લેખ છે. રમણ સોની લખે છે, 'સમયના તકાદાવાળી પ્રકાશનની ઉતાવળમાં લખાયાં-છાપાયાં હોવાથી 'ડાંડિયો'નાં લખાણોનું લેખન-મુદ્રણ સફાઈ વગરનું, ફેરલેખનને અભાવે ભાષાના વાક્યવિન્યાસોની પણ અસ્પષ્ટતાવાળું, કેટલીક વાર તો અણઘડ રહ્યું છે. શબ્દો બિનજરૂરી રીતે ભેગા છાપાયા છે, સતત ફેરલેખનથી નર્મદના નિબંધોમાં જે કંઈ સફાઈ ને સુઘડતા આવ્યાં છે એનો અહીં અભાવ છે પણ વિચારોની સ્પષ્ટતા ને અભિવ્યક્તિનું સોંસરાપણું તો એમાં પારદર્શકતાથી ઉઘડ્યાં છે! પત્રકારીય ગદ્યની કેવી મર્યાદા હોય તેની મર્યાદા ઓળખાવી આપીનેય નર્મદમાં જે વૈચારિક સ્પષ્ટતા છે તેને તેઓ સાદર નોંધે છે.

આત્મકથા : 'મારી હકીકત' માં ૧૦ વિરામો સમાવતી વેળા, 'એના અમુક વિરામો જ પૂરેપૂરા લઈને બીજા છોડી દેવામાં તો ખંડદર્શન થાય; એથી સમગ્ર કૃતિ જ, કેટલુંક આંતરિક સંપાદન કરીને મૂકી છે.' આવી નાની નાની કાળજી સંપાદનનું મૂલ્ય વધારી આપે છે. નર્મદે ૪ નાટકો લખ્યાં, નર્મદનાં નાટકો ગુજરાતીની શિષ્ટ કે મંચનક્ષમ નાટક-પરંપરાની કડી ન બની શક્યાં એવી ભૂમિકા-નોંધનાં આ મુદ્દા પછી બે નાટ્ય-અંશો જ સમાવાયા છે અને પછી ડાયરી, ઈતિહાસનાં નર્મદકાર્યનાં બે અંશો છે. સંશોધન-સંપાદન હેઠળ ચાર પ્રસ્તાવના લેવામાં આવી છે. આખા સંપાદનમાંથી પસાર થતાં નર્મદની જે સમગ્ર છબી ઉપસે છે તેમાં પૂર્ણતાની રેખાઓ વંચાશે. પરિશિષ્ટ તેને વધારે સમગ્ર બનાવે છે. પુસ્તકનું મુખપૃષ્ઠ તો નર્મદછબીનું જ હોય ને આખરી પૃષ્ઠ 'જય! જય! ગરવી ગુજરાત' નો પાઠ છે.

રમેશ શુક્લે નર્મદ યુગાવર્ત ટ્રસ્ટ હેઠળ જે સંપાદિત આવૃત્તિઓ કરેલી તે અત્યંત મૂલ્યવાન છે. નર્મદને પામવા માટે ઉપલબ્ધ કરાયેલા એ ગ્રંથોનું આગવું મૂલ્ય છે અને રમણ સોનીનું સંપાદન સ્વયં ભલે નર્મદના સમગ્ર કાર્યનું સ-કૃતિઅંશ મૂલ્ય સ્થાપે છે. એટલે કહી શકાય કે આ એક નમૂનેદાર સંપાદન છે. ફક્ત નર્મદસાહિત્યનાં રસિકો પાસે જ નહીં, ગુજરાતી ભાષા બોલનારા દરેક પાસે તે હોય એવું ઈચ્છવું સુખકર લાગે છે.

# ચિત્તને હચમચાવતું કાફ્કાનું જીવનચરિત્ર

વીસમી સદીનાં વિશ્વના સાહિત્ય પર જેણે સૌથી મોટો પ્રભાવ રચ્યો હોય તેમાં ફ્રાન્ઝ કાફ્કા એક છે. ૩ જુલાઈ ૧૮૮૩માં પ્રાગમાં જન્મેલા કાફ્કા ફક્ત ૪૦ વર્ષનું જીવન જીવ્યા અને ૩ જૂન ૧૯૨૪માં તેમનું મૃત્યુ થયું. 'મેટામૉર્ફોસિસ', 'ધ ટ્રાયલ', 'ધ જજમેન્ટ', 'ધ કાસલ'જેવી વાર્તા-નવલકથા માટે તેઓ જાણીતા છે. આ કાફ્કા વિશે ગુજરાતીમાં તો જીવનચરિત્ર નથી પણ હિન્દીમાં જીતેન્દ્રકુમાર મિત્તલે 'ફ્રાન્ઝ કાફ્કા'નામે જીવની લખી છે. ખાસ્સી દળદાર એટલે કે ૪૨૦ પૃષ્ઠો ધરાવતી આ જીવની ખરેખર જ કાફ્કાના જીવનને નાની નાની વિગતો સાથે, અત્યંત સઘનતાથી આલેખે છે. કોઈને નવાઈ લાગશે પણ તેમને તેમના પિતા પ્રત્યે ધિક્કાર હતો અને તેનું કારણ તેના પિતા જ હતા. એક બાળક તરીકે તે પિતા સામેના સંઘર્ષમાં હારી ગયેલા. તેઓ તેને હંમેશા મારતા, ધમકાવતા, પણ કાફ્કાટકી ગયા તે તેમનામાં રહેલી મહત્વકાંક્ષાઓ અને યુધ્ધ ન છોડવાની દૃઢતાને કારણે, કુટુંબ અને સમાજની વિસંગતિઓ સામે તેઓ ઝઝુમતા રહ્યા અને મનનાં ઊંડા અંધકાર, નિરાશા અને સૂનાપણામાં પણ ભીતરનાં પ્રકાશની શોધ કરતા રહ્યા. તેમણે લખ્યું છે, 'નરકનાં અતળ ઊંડાણમાં શ્વાસ લેનારા જ પરમ નિષ્પાપ અને નિશ્ચલ સ્વરોમાં ગાય શકે છે. જેને આપણે ઋષિઓ અને દેવતાઓની વાણી રૂપે યાદ કરીએ છીએ'.

ગ્રેબિઅલ ગાર્સિયા માર્કવેઝે જેવા નોબેલ પારિતોષિક વિજેતા લેખકને લખવાની પ્રેરણા કાફ્કામાંથી મળેલી. માર્કવેઝ જ્યારે કોલંબિયામાં રહી ભણતા હતા ત્યારે એક મિત્રએ કાફ્કાની 'મેટામોર્ફોસિસ'વાંચવા આપી. માર્કવેઝે ત્યા સુધીમાં કોઈ નવલકથા લખી નહોતી પણ 'મેટામોર્ફોસિસ'વારતાના પ્રથમ




વાક્ય વાંચીને જ તેમને થયું કે ઓહો, તો હું પણ લખીશ. કાફ્કાનો જાદુ ચડી ગયો. કાફ્કા બહુ વિલક્ષણ લેખક હતા. તેણે તેના મિત્ર ઓસ્કર પોલકને પત્ર લખેલો તેમાં સાહિત્ય કેવું હોવું જોઈએ તેની વાત છે. 'કોઈ કૃતિ હોય તો પેલી કુહાડીની તેજ ધાર હોય તેવી હોવી જોઈએ કે જે અંદર જામેલા બરફના સમુદ્રને કાપી શકે.'

જો તમે કાફ્કા નથી વાંચ્યો તો કશું નથી વાંચ્યુ એવું તો નહી કહેવાય પણ તેમને વાંચશો તો જીંદગીના વિચાર, સંવેદન બદલાઈ જશે તે તો પાકું. કાફ્કા યહુદી હતા અને વિશ્વયુધ્ધની પીડા અને ડર વચ્ચે જીવ્યા. છ ભાઈ અને ત્રણ બહેનોમાં બીજા ક્રમનાં કાફ્કાએ પોતાના કુટુંબના અનુભવોમાંથી કૃતિ રચી ત્યારે તે એવી તો અલગ પડી ગઈ કે જે અન્ય કોઈથી કલ્પી પણ ન શકાય.

કાફ્કાએ લખ્યું પણ લખેલું પ્રગટ કરવાનો તેમને સંકોચ હતો. ટી.બી. ના રોગના ભોગ બનેલા કાફ્કાએ મરવા પહેલાં પોતે જ ઘણૂં લખેલું નષ્ટ કરી નાખેલું અને મિત્ર મેક્સબ્રોડને સૂચન આપેલું કે મારા મર્યા પછી મારા લખાણોનો નાશ કરજે. મેક્સબ્રોડે તેમ ન કર્યું એટલે વિશ્વને એક મહાન નવલકથાકાર વાર્તાકાર મળ્યા. મિત્તલે લખેલી જીવનીમાં કાફ્કાના જીવનને અનેક પ્રસંગો, ઘટનાઓમાં અને વેદના, યાતનામાં જાણી શકાશે. કાફ્કા પોતે દુઃસ્વપ્ન ભર્યું જીવન જીવ્યા અને તેમની કૃતિમાં એ બધુ છે. તેમની 'મેટામોફ્રોસિસ'વાર્તાનો નાયક માણસમાંથી જંતુમા-વાંદામાં રૂપાંતર પામે છે. 'ધ ટ્રાયલ'નવલકથામાં જોસેફ. કે નાયક છે જેને ખબર જ નથી કે તેની શા માટે ધરપકડ થયેલી છે ને શા માટે તેની પર કેસ ચાલે છે. કોઈ ઉત્તર આપનારૂં જ નથી પણ અપરાધી તો છે જ. તે પોતાના બચાવમાં વકીલ રોકે છે પણ તેને ય કશી ખબર નથી. કાફ્કાએ જાણે કોઈ પણ આધાર વિનાનાં માણસની વાત કરી છે જેને જીવન કેમ અપાયું ને જીવન કેમ ભોગવવાનું તેનીય ખબર નથી અને ઉત્તર મેળવ્યા વિના જ મરી જવાનું છે.

ફ્રાન્ઝ કાફ્કા જીનિયસ ગણાયા છે. તેમના જીવનામં પ્રેમિકાઓ આવી અને જેની સાથે સગાઈ કરેલી તે ફેલિસ બાઉર પણ આવી. ફેકિસને તેઓ પરણી ન શક્યા. કાફ્કાઐ તેને જે પત્રો લખેલા તે 'લેટર્સ ટુ ફેલિસ'નામે પુસાતક રૂપ પામ્યા છે. પણ મિલેના જેસેન્સ્કા સાથેનો પ્રેમ વધારે ઊંડો અને બૌધ્ધિક સ્તરનો હતો. મિલેના પત્રકાર અને લેખિકા હતી. એ બેઉ વચ્ચેના પત્ર પણ 'લેટર્સ ટુ મિલેના'નામે પ્રસિધ્ધ છે. કાફ્કાના જીવનમાં છેલ્લે ડોરા ડાયમંડ આવેલી જે મૃત્યુ સૂધી સાથે રહેલી. કાફ્કાના આ પત્ર વાંચવા જેવા છેં કાફ્કાને સમજ્યા આ પત્રોમાંથી પણ પસાર થવું પડે તેમ છે. મિત્તલે લખેલી જીવનકથામાં આ બધું જ સઘન રીતે લખાયેલું મળશે. કાફ્કાને જીવનના છેલ્લા વર્ષોમાં પ્રશ્ન હતો કે 'મૃત્યુના રસ્તા પર આટલા બધા સ્થાનો પર છેવટ શા માટે થોભવું પડે છે?'કાફ્કાને વાંચજો ને આ જીવનકથા તો વાંચજો જ.

**પુસ્તકઃ** ફ્રાન્ઝ કાફ્કા(જીવનચરિત્ર) **લેખકઃ** જિતેન્દ્રકુમાર મિત્તલ, **પ્રકાશકઃ** સંવાદ પ્રકાશન, આઇ-૪૯૯, શાસ્ત્રીનગર, મેરઠ-૨૫૦૦૦૪ ઉત્તરપ્રદેશ **કિંમતઃ રૂ. ૩૦૦/-**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## કેવી રીતે ઘડાશે ભારતનું ભવિષ્ય?

શિક્ષણ એ દેશના કોઈ પણ બાળકના જીવનનો મૂળભૂત પાયો છે. જો આ પાયો જ નબળો કે જર્જરિત રહેશે, તો તેના પર ચણાનારી ભવિષ્યની ઈમારત ક્યારે ધડાકાભેર ધરાશાયી થઈ જશે તે કહેવું મુશ્કેલ છે. આજના સમયમાં દેશની કેટલીક સરકારી શાળાઓનું વરવું ચિત્ર જોઈને આ ચિંતા વધુ ગંભીર બને છે. દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન બાદ 'કોકરોઝ જનતા પાર્ટી' દ્વારા 'સ્કૂલ ઠીક કરો' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત દેશનાં યુવાનો પોતાના ગામ અને આસપાસની સરકારી શાળાઓની વાસ્તવિક સ્થિતિ દર્શાવતાં વીડિયો સોશ્યલ મીડિયા પર અપલોડ કરી રહ્યાં છે. પક્ષના સ્થાપક અભિજીત દીપકે પોતે વિવિધ શાળાઓની મુલાકાત લઈને ગ્રાઉન્ડ રિપોર્ટ મેળવી રહ્યા છે. તમામ સરકારી શાળાઓ ખરાબ ન હોઈ શકે, પરંતુ મોટા ભાગની સ્થિતિ જોતાં એ સ્પષ્ટ થાય છે કે રાજકીય પક્ષ ગમે તે હોય સરકારો શિક્ષણવ્યવસ્થા સુધારવામાં નિષ્ફળ રહી છે. વિચિત્ર વાત તો એ છે કે આ અભિયાનના ડરથી જ કદાચ રાજસ્થાન સરકારના તંત્ર દ્વારા શાળાઓમાં વીડિયો કે ફોટોગ્રાફી કરવા પર પ્રતિબંધ મૂકતો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જો શાળાઓની સ્થિતિ ખરેખર સારી જ હોય, તો પછી તસવીરો કે વીડિયોથી ડરવાનો અર્થ શું? આ નીતિ પોતે જ અનેક પ્રશ્નો ઊભા કરે છે. રાજ્ય સરકાર બજેટમાં શિક્ષણ પાછળ કરોડો રૂપિયાની ફાળવણી કરે છે. છતાં, જો આવી લાલિયાવાડી અને ગેરરીતિઓ ચાલુ રહે, તો પ્રશ્ન થાય છે કે આ નાણાંનો સાચો ઉપયોગ ક્યાં થાય છે? જો બાળપણના પાયાને જ લાલિયાવાડીના ભોગે હોમાઈ જવા દેવામાં આવશે, તો દેશનું ભવિષ્ય સુધરવાને બદલે અંધકાર તરફ ધકેલાઈ જશે.

**પંચમહાલ - વિજયસિંહ સોલંકી**

## બેફિકર સરકાર અને રેઢિયાળ તંત્ર

સુરતમાં એક પરિવારે હોટલમાંથી શાક મંગાવીને ખાધું તો પાંચ જણાને ફુડ પોઈઝનિંગ થઈ ગયું અને એક બાળકીનું મૃત્યુ થયું. ભાવનગરમાં ડુપ્લીકેટ દારૂ પીવાથી ૧૧ જણાનાં મૃત્યુ થયાં. ઉપરોક્ત ઘટનાઓમાં રાબેતા મુજબ તપાસનો ધમધમાટ થશે અને થોડા સમય પછી રાબેતા મુજબ બધું શમી જશે. સમજ નથી પડતી આ બધું ક્યારે અટકશે. સરકાર અને એનું તંત્ર કઈ તંદ્રામાં ગરકાવ છે એ નથી સમજાતું. આવું રેઢિયાળ તંત્ર પહેલાં ક્યારેય જોવા નથી મળ્યું. દેશ જાણે રામ ભરોસે ચાલતો હોય એવું પ્રતીત થઈ રહ્યું છે. સરકાર સત્તામાં તો છે પણ શાસનમાં હોય એવી સાબિતી મળતી નથી. જીવન ટકાવવા માણસ ખાવાનું ખાતો હોય છે પણ ખાવાનું ખાવાથી માણસ મરે એવું તો હવે આ દેશમાં જ બની રહ્યું છે.

જ્યાં દારૂબંધી છે ત્યાં જ દારૂ પીવાથી માણસ મરે એને તો વિરલ વદતોવ્યાઘાત જ સમજવો રહ્યોં. માણસ માંદો પડે તો હવે દવા પણ ડુપ્લીકેટ મળતી થઈ ગઈ છે. પરિસ્થિતિ તો એવી ઊભી થઈ છે કે માણસ જ્યાં હાથ નાખે ત્યાં "મોત" હાથમાં આવે એમ છે. હવે તો જીવવા માટે મરણિયા બનવું પડે એમ છે. કઈ વસ્તુમાં ભેળસેળ નથી થતી અને કઈ વસ્તુનું ડુપ્લિકેશન નથી થતું એ હવે સંશોધનનો વિષય થઈ ગયો છે. પ્રજાને શુદ્ધ હવા, પાણી અને ખોરાક મળી રહે એ જોવાની કોઈ પણ સરકારની પ્રાથમિક ફરજ બને છે, પરંતુ આ સરકાર સત્તાના નશામાં હવામાં છે એટલે પ્રજાએ આવી પ્રાથમિક જરૂરિયાતો મેળવવા માટે હવાતિયાં મારવાં પડે છે. સમગ્ર ગુજરાતને હવે "ડુપ્લીકેટ ગુજરાત" કહીએ તો ખોટું નથી.

**સુરત - પ્રેમ સુમેસરા**

## ખુલ્લો સંવાદ જ ઉકેલ

આજના સ્પર્ધાત્મક અને ભાગદોડભર્યા યુગમાં બાળકના માનસિક સ્વાસ્થ્ય અને કૌટુંબિક સંબંધોની સ્થિતિ પર ઊંડાણપૂર્વક વિચારવાની ખાસ જરૂરિયાત ઊભી થઈ છે. ઘણી વાર અજાણતાં જ આપણે બાળકો પર અપેક્ષાઓ અને સફળતાનો એવો ભારે બોજ મૂકી દઈએ છીએ કે બાળક પોતાની નાની-નાની મૂંઝવણો કે નબળાઈઓ ઘરમાં વ્યક્ત કરતાં અચકાય છે. એ માટે જરૂરી મોકળાશ એને પરિવારમાં ન મળે તો ક્યારેક અત્યંત આઘાતજનક ઘટના આકાર લેતી હોય છે. દરેક પરિવારમાં એવું વાતાવરણ હોવું અત્યંત જરૂરી છે જ્યાં બાળક પોતાની નાની, સામાન્ય કે તદ્દન વાહિયાત લાગતી વાતો પણ પરિવારમાં ખુલ્લા મને મૂકી શકે. જ્યારે બાળક નાની નાની વાતોમાં આવી મોકળાશ અને સ્વીકાર અનુભવશે ત્યારે જ તે જીવનની કોઈ મોટી સમસ્યા, ભય કે તણાવ વખતે પણ ડર્યા વગર માતા-પિતા પાસે આવીને પોતાનું દિલ ખોલી શકશે. ઘરમાં આવી મુક્ત અને હૂંફાળા વાતાવરણની હાજરી જ સંતાનોમાં જીવવાની હિંમત બહાલ કરે છે અને પરિણામે આજના સમયમાં બનતા સંતાનોના આપઘાતના અત્યંત દુઃખદ બનાવોને અટકાવી શકાય છે. આવા સમયમાં પરિવારમાં બિનશરતી પ્રેમ અને ભરોસો હોવો જોઈએ. આપણે બાળકોના ગ્રેડ અને ડિગ્રીઓ કરતાં તેમના માનસિક સ્વાસ્થ્ય અને જીવનને પ્રાધાન્ય આપવાની જરૂર છે. કોઈ પણ પરીક્ષા, ડિગ્રી કે નોકરી/ વ્યવસાય એ સંતાનના અમૂલ્ય જીવનથી મોટી નથી. જો દરેક ઘરમાં પ્રેમની સાથે સંવાદની આવી મુક્ત હવા ખીલશે, તો કોઈ પણ સંતાન એકલતા કે તણાવનો શિકાર બનીને આવું અંતિમ પગલું ભરવા મજબૂર નહીં થાય.

**સુરત - ચારુલતા અનાજવાળા**

## મંથન બાદ સમર્થન

'જનરેશન ઝેડ' ગણાતી યુવાપેઢીએ વિકસિત ભારતનું ભવિષ્ય છે. શિક્ષણ, જુસ્સો અને અન્યાયનો વિરોધ કરવાની નીડરતા ધરાવતી પેઢી જ વિકસિત દેશનાં આધારસ્તંભો માનવામાં આવે છે. પરંતુ કેટલીક બાબતોમાં આંધળાં - મૂંગાં - બહેરાં બનીને માત્ર જુસ્સો અને સાહસ વ્યક્ત કરી, અજ્ઞાનતાનું પ્રદર્શન દેશના શિક્ષણની દયનીય સ્થિતિને પણ પ્રતિબિંબિત કરે છે. બંધારણ અનુસાર કોઈ પણ જુલ્મ, અત્યાચાર અને અન્યાય સામે શાંતિપૂર્ણ વિરોધ કરવાનો અધિકાર સૌને છે. પણ જે બાબતનો વિરોધ થઈ રહ્યો હોય એ વિષયાંગની સંપૂર્ણ માહિતી હોવી, તથ્યો ઉપર તાર્કિક મંથન કરવું, મેળવેલ શિક્ષણ અને સંસ્કાર આધિન વર્તન અને સચોટ - પ્રમાણભૂત જવાબો સાથેની આપની રજૂઆત વધુ પ્રભાવશાળી બનશે. આંધળાં - મૂંગાં - બહેરાં બનીને કોઈ પણ આવી પ્રવૃત્તિમાં જોડાઈ જવું અને માત્ર મોટી ભીડને કારણે મેળવેલ જીતનો પાયો કેટલો મજબૂત હોઈ શકે? પ્રત્યેક યુવાનો, પ્રત્યેક પ્રશ્ન અને માંગણીઓ બાબત ઉતાવળા ન થાય અને સૌ પ્રથમ પરિસ્થિતિ અને મુદ્દાઓનું મંથન કરે અને ત્યાર બાદ જ સમર્થન કરે એ જરૂરી છે. આંધળા અનુકરણને બદલે 'એનું કારણ' સમજીએ.

**વેસ્મા - શાહીદ જી. કુરેશી**

## મોંઘવારી-બેરોજગારી વચ્ચે દેશપ્રેમની પરીક્ષા?

દેશમાં આજે સામાન્ય નાગરિક મોંઘવારી, રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને બેન્કિંગ વ્યવસ્થાના અનેક પ્રશ્નોનો સામનો કરી રહ્યો છે. ઘરના બજેટ પર વધતો ખર્ચ મધ્યમવર્ગ અને ગરીબ પરિવારો માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. બીજી તરફ, સરકારી શાળાઓની માળખાકીય સુવિધાઓ, શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને પણ ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. આવા સમયે દેશની રાજકીય ચર્ચા "વંદે માતરમ્ના કેટલા છંદ આવડે છે?", "કોણ ઊભું રહીને ગાય છે?" અથવા "કોણે કેટલું ગાયું?" જેવા મુદ્દાઓની આસપાસ સીમિત થઈ જાય તે લોકશાહી માટે ચિંતાજનક બાબત છે. વંદે માતરમ્ માત્ર ગીત નથી, તે દેશની ભાવના અને સ્વતંત્રતા સંગ્રામની ઐતિહાસિક સ્મૃતિ સાથે જોડાયેલું રાષ્ટ્રીય પ્રતીક છે. તેનું સન્માન દરેક ભારતીયની જવાબદારી છે. પરંતુ દેશપ્રેમની સાચી કસોટી માત્ર ગીતના છંદ યાદ રાખવામાં નથી. દેશપ્રેમ ત્યારે સાબિત થાય છે જ્યારે ગરીબના ઘરમાં ચુલો બળે, યુવાનોને રોજગાર મળે, બાળકોને સારી શાળા મળે, દર્દીને યોગ્ય સારવાર મળે અને સામાન્ય માણસને પોતાની મહેનતની કમાણી સુરક્ષિત લાગે. રાજકીય પક્ષો વચ્ચે રાષ્ટ્રપ્રેમની સ્પર્ધા કરતાં જનતાની સમસ્યાઓના ઉકેલ માટે સ્પર્ધા થવી જોઈએ. સંસદ અને જાહેર ચર્ચામાં કેટલો સમય પ્રતીકાત્મક મુદ્દાઓ પર અને કેટલો સમય મોંઘવારી, શિક્ષણ, રોજગાર, ખેડૂતો, બેન્કિંગ સુધારા અને સામાન્ય નાગરિકની આર્થિક સુરક્ષા પર ખર્ચાય છે.

**સુરત - આશિષ ટેલર**